ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

# હિંમત કરો કુરિવાજોની બેડી તોડો



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# હિંમત કરો કુરિવાજોની બેડી તોડો

દેવીઓ અને ભાઈઓ,

કોઈપણ સમાજ અથવા દેશની પ્રગતિમાં સ્વસ્થ રીતરિવાજો અને પરંપરાઓનો વિશેષ ફાળો હોય છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા પણ વ્યકિત અને સમાજની પ્રગતિમાં મદદરૂપ હોય છે. ઉપયોગી અને વિવેકપૂર્ણ રીતરિવાજો અને પરંપરાઓનું અનુકરણ ઉપયોગી છે, પરંતુ એની સાથે એવી કેટલીક પ્રથાઓ, રિવાજો અને અંધવિશ્વાસ પ્રચલનના રૂપમાં વર્ષોથી ચાલ્યા આવે છે, જેમને વિવેકની એરણ પર ચઢાવવામાં આવે તો એમની કોઈ ઉપયોગિતા સાબિત થતી નથી, છતાં પણ આજે સમાજમાં એમનું અસ્તિત્વ જોવા મળે છે અને એને લીધે પ્રગતિમાં અવરોધ ઊભો થાય છે.

એવા કુરિવાજો - અંધ વિશ્વાસો દરેક સમાજમાં જોવા મળે છે, પરંતુ આપણો દેશ તો એમાં સૌથી આગળ છે. આપણે ત્યાં અંધવિશ્વાસ, કુરિવાજનું જેટલું વર્ચસ્વ છે એટલું બીજા કોઈ દેશમાં નથી. પરિણામે સમાજ અને દેશને ભારે નુકશાન વેઠવું પડે છે અને પ્રગતિ રૂંધાય છે.

કુરિવાજો આપણા સમાજને જર્જરિત બનાવે છે. મૃત્યુભોજન, દહેજપ્રથા, પડદાપ્રથા, બાલલગ્ન, જાતિભેદ, લિંગભેદ વગેરે રિવાજોને લીધે કેટલીય સમસ્યાઓ ઊભી થાય છે. એને કારણે દર વર્ષે ધન શ્રમશકિતનો દુર્વ્યય થાય છે, ઊંચનીચ તથા નાતજાતના ભેદભાવને લીધે આજે સમાજ તૂટવાની તૈયારીમાં છે.

મૃત્યુભોજન :-

દેશની અડધી જનતાને આજેપણ દૈનિક જરૂરિયાતો પૂરી કરવાના સાંસા છે. આવી વિકટ સ્થિતિમાં પૂરી કરવાના સાંસા છે. આવી વિકટ સ્થિતિમાં મૃત્યુભોજન જેવી ખર્ચાળ પરંપરા જાળવી રાખવી ક્યાં સુધી યોગ્ય છે? જો કે મરણોત્તર ક્રિયા માટે શાસ્ત્રોના આદેશ અનુસાર પિંડદાન વગેરેની વિધિ દરેક દષ્ટિથી ઉપયોગી છે.

આ વિધિ કોઈ વિદ્વાન પાસે મામૂલી ખર્ચે કરાવી શકાય છે. શ્રાદ્ધના દિવસે મૃતાત્મા પ્રત્યે શ્રધ્ધાંજલી વ્યક્ત કરીએ અને શાંતિ માટે બે -ચાર સુપાત્ર બાલિકાઓ કે બ્રાહ્મણોને ભોજન કરાવીએ એટલે આ ધાર્મિક ક્રિયા પૂર્ણ થઈ જાય છે. આટલું તો દરેક વ્યકિત કરી શકે છે, પરંતુ આ સંસ્કારનું આજે તેરમાના દિવસે સમૂહ ભોજનના રૂપમાં જે વિકૃત સ્વરૂપ જોવા મળે છે તેને કારણે દર વર્ષે ભારે નુકશાન વેઠવું પડે છે.

આ રિવાજો પાછળ દર વર્ષે એટલા બધા રુપિયા બરબાદ થાય છે, જેનાથી વ્યકિતગત અથવા સામાજિક વિકાસના અનેક કાર્યક્રમ ચલાવી શકાય. કેટલાક લોકોની આર્થિક સ્થિતિ ખરાબ હોય છે. પરિણામે એમને આ સામાજિક પરંપરાને કારણે દેવું કરવું પડે છે અથવા ઘરેણાં જમીન વગેરે ગીરવે મૂકવા પડે છે. અમુક ઘરમાં જ્યારે કમાનાર મોટી વ્યકિતનું અકાળે મૃત્યું થઈ જાય છે ત્યારે એના આશ્રિતો સામે જીવનનિર્વાહનું ગંભીર સંકટ ઊભું થાય છે. આવા સમયે મૃત્યુભોજન જેવી મૂર્ખતાપૂર્ણ પરંપરાને કારણે ભારે આર્થિક સંકટનો સામનો કરવો પડે છે. ખરેખર તો આવા વિપત્તિના સમયે એમને વધારે સહાનુભૂતિ અને સહયોગની અપેક્ષા હોય છે.

જ્યારે અહીં તો પરંપરાના નામે એમને વધારાનો ખર્ચ કરવો પડે છે. મૃતાત્માની શાંતિ માટે સમૂહભોજન જેવાં મૂર્ખતાપૂર્ણ કર્મકાંડો પાછળ પૈસા ન ખર્ચતા સત્કાર્યો માટે, પરમાર્થ માટે યથાસંભવ ખર્ચ કરવામાં આવે તો મૃત વ્યકિતના આત્માને સાચી શાંતિ મળે, વિદ્યાલય, પુસ્તકાલય, હોસ્પિટલ, વૃક્ષારોપણ જેવા સમાજ વિકાસના અનેક રચનાત્મક કાર્યક્રમોમાં આ ધનનો ઉપયોગ કરીને મૃતાત્માને સાચી શ્રદ્ધાંજલિ આપી શકાય.

પારસી ધર્મના દૂરદેશી બુધ્ધિજીવીઓએ એક એવા સમાજ ઉપયોગી ફંડની સ્થાપના કરી છે, જેમાં કોઈ વ્યકિત મરી જાય તો એના આત્માની શાંતિ માટે એના કુટુંબના સભ્યો યથાસંભવ ફાળો જમા કરાવે છે. કોઈપણ પારસી આકસ્મિક મુશ્કેલીના સમયે આ ફંડમાંથી મદદ મેળવી શકે છે. આ દૂરંદેશીભરી વ્યવસ્થાને લીધે કોઈપણ પારસીને આર્થિક મુશ્કેલી વેઠવી પડતી નથી. આવી ઉત્તમ પરંપરાનું અનુકરણ કરવું જોઇએ.

લગ્નના બેફામ ખર્ચા :-

દર વર્ષે લગ્ન સમારંભો પાછળ એટલા બધા રૂપિયા વેડફી મારવામાં આવે છે કે એટલી રકમમાંથી કેટલાય લઘુ ઉદ્યોગ સ્થાપી શકાય અને હજારો વ્યકિતઓને રોજગાર આપી શકાય. કેટલાંય દવાખાના અથવા સ્કૂલો ખોલી શકાય, જેના થકી લાખો વ્યકિતઓને આરોગ્ય અને બાળકોને શિક્ષણનો લાભ મળે. બાલલગ્ન, પડદાપ્રથા, જાતિભેદ, અસ્પૃશ્યતા જેવા કુરિવાજોને લીધે આર્થિક નુકસાન તો થાય છે, પરંતુ એના લીધે જે સમસ્યાઓ ઊભી થાય છે એનાથી સમાજને ભારે નુકસાન વેઠવું પડે છે. નાના અબોધ બાળકોને દાંપત્યજીવનનો સહેજ પણ ખ્યાલ નથી. હોતો, છતાં પણ એમના બાલલગ્ન કરાવી દેવામાં આવે છે. છેવટે આ સોદો બહુ મોંઘો સાબિત થાય છે. આજે પણ આપણા દેશમાં કેટલાંક વિસ્તારોમાં અને સમાજોમાં બાલલગ્નની પ્રથા ચાલું છે.

એમાં રાજસ્થાનનું નામ આગળ પડતું છે. શારીરિક અને બૌદ્ધિક દૃષ્ટિથી અવિકસિત અને અસમર્થ હોવાને કારણે એવાં બાળદંપતી કસમયે લાદેલો બોજ ઉઠાવી શકતા નથી.

પડદા પ્રથા :-

કોઈપણ ઔચિત્ય વગર આ કુરિવાજોનો સંબંધ ચરિત્ર અને સદાચાર સાથે જોડી દેવામાં આવે છે ત્યારે સૌથી વધારે આશ્ચર્ય થાય છે. પડદાપ્રથાના વિષયમાં કહેવાતા સમર્થકો કહે છે કે એનાથી સ્ત્રીઓ શીલવાન, સદાચારિણી અને ચરિત્રવાન બને છે. જો આ દલીલ સાચી હોય તો પુરુષોએ પણ એનું પાલન કરવું જોઇએ, સ્ત્રીઓની તુલનામાં પુરુષ વધારે ઉચ્છૃંખલ અને મર્યાદાહીન છે. એણે તો ચોકકસ ઘૂંઘટ ખેંચવો જ જોઇએ. વિવેકની સરાણ પર આ માન્યતા દરેક દૃષ્ટિથી ખોટી સાબિત થાય છે. ઘૂંઘટ અને ચરિત્રનો સંબંધ ખોટો છે. મનોવૈજ્ઞાનિકો કહે છે કે ભારતની સ્ત્રીઓનો માનસિક વિકાસ નહી, થવા પાછળનું ખોટું કારણ આ પડદાપ્રથા પણ છે.

પડદાપ્રથાએ સ્ત્રીઓમાં આત્મહીનતાની ભાવનાને વધારી છે. લિંગભેદની વિકૃત મનોવૃત્તિએ એના ગૌરવ પર પ્રહાર કર્યો છે, એની પ્રગતિ અટકાવવી છે. આજે પણ ભારતીય કુટુંબોમાં છોકરાનો જન્મ થાય તો જાણે રાજ મળી ગયું હોય એટલો આનંદ થાય છે અને જો છોકરીનો જન્મ થાય તો આફતનો પહાડ તૂટી પડયો હોય એમ મોઢું પડી જાય છે. મોટા ભાગના ઘરોમાં છોકરીઓની ઉપેક્ષા કરવામાં આવે છે અને છોકરાઓને વધારે લાડપ્યાર તથા સગવડો આપવામાં આવે છે. એને લીધે છોકરીઓના મનમાં લઘુતાગ્રંથિ બંધાઈ જાય છે. ડગલે ને પગલે પક્ષપાત થતો હોવાથી વિકાસ અટકી જાય છે. છોકરી છોકરી વચ્ચેનો ભેદભાવ દરેક દૃષ્ટિથી હાનિકારક છે.

નાતજાતનો ભેદભાવ :-

ભેદભાવની, ઊંચનીચની, નાતજાતની વિકૃત માનસિકતા આપણા સમાજને લાંબા કાળથી તોડી રહી છે. પહેલાં કર્મોના આધારે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્રના રૂપમાં જાતિઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. સમાજમાં વ્યવસ્થા જળવાય એ હેતુથી તે ઉપયોગી પણ હતું, પરંતુ સમયનું વહેણ બદલાતા જાતિનો આધાર કર્મ નહિ, પણ કુળ-વંશ બની ગયો. પહેલાં જેઓ મોટા ત્યાગ અને બલિદાનનો આદર્શ સમાજ સામે રજૂ કરતા હતા તેમને બ્રાહ્મણનું પદ મળતું હતું, પરંતુ સમય જતા બ્રાહ્મણ કુટુંબમાં જન્મ લેનાર બ્રાહ્મણ કહેવાયો. પછી ભલેને તેનું આચરણ પ્રતિકૂળ કેમ ન હોય. બીજી જાતિઓનો આધાર પણ કર્મ હતું. આજે તો બધું ભેળસેળ થઈ ગયું છે. ના કોઈ બ્રાહ્મણ રહ્યા કે ના રહ્યા ક્ષત્રિય ના રહ્યા વૈશ્ય કે ના રહ્યા શૂદ્ર. પ્રાચીનકાલમાં કાર્યક્ષેત્રને ધ્યાનમાં રાખીને જાતિઓનું વિભાજન કરવામાં આવ્યું હતું, જેથી જે તે વર્ગના લોકો

લોકો  પોતાની જવાબદારીઓ સરળતાથી પૂરી કરી શકે. નાનામોટા, ઉંચોનીચના ભેદભાવ તથા અસ્પૃશ્યતાની દૂષિત ભાવના તો પાછળથી કેટલાંક સ્વાર્થી તત્વોએ ફેલાવી. "આત્મવત્ સર્વભૂતેષુ" નો ઉદ્ઘોષ કરનાર, મનુષ્યેતર જીવોમાં પણ પરત સત્તાના દર્શન કરનાર ઋષિઓએ સમસ્ત માનવજાતિને એક અભિન્ન ઘટક માન્યો અને

તદ્દનુસાર વ્યવહાર કર્યો. સરળ સંચાલન અને સુવ્યવસ્થાની દ્રષ્ટિથી ચાર વર્ણોનું જે વર્ગીકરણ થયું હતું તે સમય જતા વિકૃત થઈ ગયું. સ્થાપિત હિતોએ સમાજના મોટા વર્ગને અસ્પૃશ્ય કરી દીધો. આ કારણે હિંદુ સમાજનું એક મોટું અંગ કપાઈ ગયું. આ ઉપેક્ષાને લીધે કેટલાંયે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી લીધો. આ હિંદુ ધર્મ અને સમાજના માથા પર લાગેલું મોટું કલંક છે, જે સત્વરે દૂર થવું છ જઈએ.

અંધ વિશ્વાસ :-

કુરિવાજોની જેમ અંધવિશ્વાસથી પણ સમાજને મોટું નુકશાન થાય છે, તથા અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે. સમાજમાં ધર્મના નામે ખૂબ અંધવિશ્વાસ ફેલાયો છે. આજે પણ મુહૂર્તવાદ, ભૂતપ્રેત, બલિપ્રથા, જાદુ જેવા અંધવિશ્વાસોની જળમાં દેશની મોટા ભાગની જનતા ફસાયેલી છે.

ભગવાને બનાવેલો દરેક દિવસે અને ઘડી શુભ છે. અમુક ઘડી અથવા અમુક દિવસે અમુક કાર્ય કરવાથી વધારે સફળતા મળશે એવી માન્યતા ભૂલભરેલી છે.

પ્રચલિત ફલિત જ્યોતિષના  પ્રતિપાદન પાછળ કોઈ આધાર નથી. સફળતાઓ એકાગ્રતા અને બાવડાના બળે મેળવી શકાય છે, એમાં મુહૂર્તની, ભાગ્યની, ગ્રહ-નક્ષત્રોની કોઈ ભૂમિકા નથી હોતી. ભાગ્યના રૂપમાં અચાનક વગર મહેનતે મળતી સફળતાઓ પાછળ પાછલા જન્મોનાં કર્મોનો જ હિસાબકિતાબ હોય છે.

જાદુમંતર-ભૂતપ્રેત જેવા અંધવિશ્વાસોને કારણે કેટલાય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. શરીરમાં રોગ થાય તો પણ એનો સંબંધ ભૂતના પ્રકોપ અથવા તાંત્રિક પ્રયોગો સાથે જોડી દેવામાં આવે છે. અંધવિશ્વાસમાં માનનારા મૂર્ખાઓને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારા ધુતારા પણ મળી જ જાય છે. ઝાડફૂંક કરનારા ભૂવાઓ અને તાંત્રિકોની આજીવિકા આવા અંધવિશ્વાસુઓને લીધે જ ચાલે છે.

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

ધર્મ, દેવીદેવતાનાં સ્વરૂપ, એમના વરદાન અને શ્રાપના વિષયમાં પણ કેટલીક ભ્રમણાઓ ફેલાયેલી છે. આ વિકૃત માન્યતાનું વરવું સ્વરૂપ પશુબલિના રૂપમાં જોવા મળે છે. દેવીદેવતાને પ્રાણીઓનું બલિદાન આપવાથી પ્રસન્ન થાય છે અને બદલામાં તે વરદાન આપે છે- આ અંધવિશ્વાસ દેવતાના ગૌરવને લાંછન લગાડે છે. દેવતાઓ હંમેશા સત્કર્મોથી જ પ્રસન્ન થાય છે અને વરદાન આપે છે.

કુરિવાજો, અંધવિશ્વાસ કોઈપણ સમાજ અથવા દેશની પ્રગતિમાં ભારે અડચણ પેદા કરે છે. ભારતીય સમાજમાં આ દૂષણ સદીઓથી વ્યાપેલું છે. દરેક જાગૃત અને વિચારશીલ વ્યકિતએ એનો બહિષ્કાર કરવો જોઇએ, તો જ સાચી દિશામાં પ્રગતિ થઈ શકશે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થાપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.